Extra No. 123

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LI] MONDAY, JULY 5, 2010/ASADHA 14, 1932

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૫મી જુલાઈ, ૨૦૧૦.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૨૩મી જૂન, ૨૦૧૦ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા **ક્રમાંક : કેવી-૨૦૧૦ નો ૮૭-એનપીએલ-૧૦-૨૦૧૦-૪૨૮૨૮-એમ** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. એમ. ભાવસાર,
સરકારના સંયુક્ત સચિવ.

**Notification**

***Regarding***

**Amendment to the Gujarat Municipalities (Conduct of Election) Rules, 1994.**

**ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા ) બાબતના નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૨૦૧૦.

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

**ક્રમાંક : કેવી-૨૦૧૦ નો ૮૭-એનપીએલ-૧૦-૨૦૧૦-૪૨૮૨૮-એમ.**–ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે, ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા માટેનો નિયમોનો અમુક મુસદ્દો, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૧૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૨૦૧૦ નો ૫૪-એનપીએલ-૧૦-૨૦૧૦-૪૨૮૨૮-એમ હેઠળ તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૧૦ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૧-ક, પાના ૧૨-૧ થી ૧૨-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ તરફથી, સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર વાંધા અથવા સૂચનો મંગાવ્યા હતા :

અને ઉપર્યુક્ત જાહેરનામાના મુસદાના સંબંધમાં સરકારને કોઈપણ વાંધો અથવા સૂચન મળેલ નથી ;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૬ની પેટા-કલમ (૫) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા (ની ચૂટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો, ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના (સુધારા) નિયમો, ૨૦૧૦ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪માં, નિયમ ૧૭ પછી, નીચેનો નિયમ દાખલ કરવો :-

"**૧૭ ક. ઠરાવેલા નમૂના માટેની ફી** :- ચૂંટણી લડતા દરેક ઉમેદવારે, મતદાર યાદી સિવાયના ઠરાવેલા નમૂના મેળવવા માટે, રૂપિયા ૫૦/-ની ઊચક રકમ ચૂકવવી જોઈશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**કે. એન. ભટ્ટ,**

સરકારના અધિક સચિવ.

-------------